# એઆઇસીઆરપી–વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ગાજરઘાસની ખતરનાક અસરો અંગેનો જાગરૂકતા કાર્યક્રમ

આઈ.સી.એ.આર-ડાયરેક્ટોરેટ ઓફ વીડ રીસર્ચ, જબલપુર દ્વારા દર વર્ષે તારીખ ૧૬ થી ૨૨ ઓગસ્ટ દરમ્યાન ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહનું આયોજન કરી હાનિકારક/ખતરનાક ગાજરઘાસનું કાયમી ધોરણે નિયંત્રણ કરવા સમાજને પ્રરિત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જે અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માર્ગદર્શન હેઠળ **તારીખ ૧૬ થી ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪** દરમ્યાન **ઓગણીસમા ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહ** અંતર્ગત એઆઇસીઆરપી-વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ, ખેડૂતો, વિસ્તરણ કાર્યકરો, શિક્ષકો સુધી ગાજરઘાસની હાનીકારક અસરો અને તેના નિયંત્રણ અને નાબુદી માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

**તારીખ ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪** ના રોજ આઈએબીએમઆઈ, આકૃયુ, આણંદ ખાતે એફપીઓ વાઈબ્રન્ટ સમીટ-૨૦૨૪ અંતર્ગત ગુજરાતના ૧૭ જિલ્લામાંથી આવેલ એફપીઓના ડાયરેક્ટર અને સીઈઓ કે જેઓ ૬૦ થી વધુ એફપીઓ સાથે કાર્યરત છે જેમને ડો. વી. જે પટેલ એગ્રોનોમીસ્ટ દ્વારા ગાજરઘાસની ગંભીર અસરો ખેતીપાકો, પશુપાલન તથા માનવ સ્વાસ્થ્ય પર થાય છે જેની વિગત વાર માહિતી આપવામાં આવેલ હતી. ઉપસ્થિત સૌને જણાવેલ કે જ્યાં ગાજરઘાસ ઉગે છે ત્યાં પશુના ઘાસચારા માટેનું ઘાસ ઉગતું ન હોવાથી ધીરે ધીરે પશુઓ માટે ઉપયોગી ગૌચર વિસ્તાર નાશ પામે છે. વધુમાં ખેતી પાકોમાં ગાજરઘાસ પુષ્કળ માત્રામાં પોષક તત્વોનો ઉપાડ કરી પાક ઉત્પાદનમાં ઘટાડો કરે છે તથા જનીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો કરે છે જેથી ખેતી માટે પણ હરકત રૂપ છે. માનવ માટે પણ હાનીકારક છે જેની વિગતમાં જણાવેલ કે ગાજરઘાસના સતત સંપર્કમાં આવવાથી છોડમાં રહેલ પાર્થેનીન નામનાં ઝેરી રસાયણથી ચામડીના રોગ, એલર્જિક અસરમાં આંખના પોપચા, ચહેરા અને ગરદનની આસપાસ ખંજવાળ આવી લાલ ચકમા થતાં શરીરની ચામડી મગર જેવી બરછટ થઇ જવી ઉપરાંત ફૂલની પરાગરજ હવાના માધ્યમ દ્વારા ફેલાય છે જે શ્વાસમાં જવાથી શ્વસનતંત્રના રોગ, અસ્થમા જેવી સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યા થવાની સંભાવના વિશે જરૂરી છણાવટ કરવામાં આવી હતી. આવા ઘાસની હાનીકારક અસરો સમજી તેના નિયંત્રણ માટે જરૂરી પગલાં એટલે કે ગાજરઘાસના છોડ પર ફૂલ આવતા પહેલા ઉપાડી તેનો સંપૂર્ણ નાશ કરવો અથવા બીનપાક વિસ્તાર અનેપાક વિસ્તારમાં ભલામણ કરેલ નીદણનાશકોનો ઉપયોગ ગાજરઘાસના છોડ પર ફૂલ આવે તે પહેલા છંટકાવ કરવા જેથી બીજ ઉત્પાદન થકી થતો તેનો ફેલાવો અટકાવી શકાય અને જમીનમાં તેની બીજ બેંક ઘટાડી શકાય તેમ જણાવવામાં આવેલ હતું. આ તબક્કે ઉપસ્થિત સૌને ખાસ અનુરોધ કરવા આવેલ કે આપ ખેડૂતો સાથે સંકળાયેલ હોઈ ગાજરઘાસની ખતરનાક અસરોથી

આપ સૌ વાકેફ થયા બાદ આ નીંદણની ગંભીરતા રાજ્યના ખેડૂતો સુધી પહોચડવા તથા ગાજરઘાસની નાબૂદી કરવા માટે સહભાગી થવા ખાસ અનુરોધ કર્યો હતો. ગાજરઘાસ એ સામુદાયિક સમસ્યા હોવાથી તેના નિયંત્રણ માટે સામુહિક રીતે જ્યારે પણ ગાજરઘાસ નીંદણને હાથથી ઊપાડી દૂર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે ત્યારે અગમચેતીના પગલા રૂપે હાથ મોજા તથા માસ્ક પહેરવા જરૂરી છે તેમ પણ જણાવેલ હતું. વધુમાં શ્રી ડી. ડી. ચૌધરી, જુ. એગ્રોનોમીસ્ટ દ્વારા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત આકૃયુ, આણંદની મુલાકાતે આવેલ પેટલાદ અને ખંભાત તાલુકાના ખેડૂતો, કોટન કનેકટ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતો તથા રાવેના વિદ્યાર્થીઓને પણ ગાજરઘાસની જાગરૂકતા માટે ઊંડાણ પૂર્વક સમજણ આપવામાં આવી હતી

## કાર્યક્રમની ઝાંખી


22 August 2024




22 August 2024


21 August 2024


Shot on motorola edge 50 pro

